INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૪-૦૨-૨૦૨૬**

- **કોંગ્રેસ પક્ષની વાતને નિર્ભયતા અને પ્રખરતાથી રજુ કરી શકે તેવા પ્રખર વક્તાઓની શોધ માટે 'પ્રતિભા શોધ' (Talent Hunt Program) નો પ્રારંભઃ અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી દ્વારા 'પ્રતિભા શોધ કાર્યક્રમ'નો શુભારંભ**
- **ગુજરાતના યુવાનો અને કોંગ્રેસ કાર્યકર્તાઓને લોકતંત્રને સશક્ત કરવા મળશે મંચ.**

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના મીડિયા વિભાગ દ્વારા સંચાલિત 'પ્રતિભા શોધ અભિયાન'ના ગુજરાત પ્રભારી શ્રી હરિશંકર ગુપ્તાજીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષે દેશભરમાં પોતાની વિચારધારાને વધુ મજબૂત રીતે રજૂ કરવા તેમજ અસરકારક અને પ્રખર વક્તાઓની ઓળખ માટે 'પ્રતિભા શોધ કાર્યક્રમ' (Talent Hunt Program)ની શરૂઆત કરી છે. દેશના જનનાયક શ્રી રાહુલ ગાંધી તથા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગેજીની વિશેષ પહેલ હેઠળ 'ટેલેન્ટ હન્ટ' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC) દ્વારા સમાજના વિવિધ વર્ગોમાંથી વિચારોમાં સ્પષ્ટતા ધરાવતા, મીડિયા-સજ્જ અને કોંગ્રેસના મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધ કાર્યકર્તાઓને ઓળખી તેમને તાલીમ આપવાના હેતુથી 'રાષ્ટ્રીય પ્રતિભા શોધ' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ પહેલ દ્વારા પક્ષ માટે એક સશક્ત, સમાવેશક અને ભવિષ્યસજ્જ મીડિયા તથા જાહેર સંવાદ ટીમ તૈયાર કરવાનો ઉદ્દેશ્ય છે. આ કાર્યક્રમના અનુસંધાને આગામી આયોજન માટે રાષ્ટ્રીય મીડિયા વિભાગના ચેરમેન શ્રી પવન ખેરાજીની સૂચનાથી ગુજરાત રાજ્યના પ્રભારી તરીકે નિયુક્ત શ્રી હરીશંકર ગુપ્તાના અધ્યક્ષસ્થાને પ્રદેશ પ્રવક્તા, ફ્રન્ટલ-સેલ-ડીપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રી સહિતના પદાધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. ટેલેન્ટ હન્ટ કાર્યક્રમને અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને સંગઠન પ્રભારીશ્રી મુકુલ વાસનીક અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડાએ અસરકારક બનાવવાની સાથે સફળતા માટે શુભકામના પાઠવી હતી.

'પ્રતિભા શોધ કાર્યક્રમ' (Talent Hunt Program) કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સક્રિય, જાગૃત અને વૈચારિક રીતે સમૃદ્ધ એવા કાર્યકર્તાઓને આગળ લાવવાનો છે, જેમને કોંગ્રેસના ગૌરવશાળી ઈતિહાસ, બંધારણીય મૂલ્યો તથા વર્તમાન રાજકીય પરિસ્થિતિઓની ઊંડી સમજ હોય. આ અભિયાનનો મુખ્ય હેતુ મીડિયા, જનસભાઓ તથા જાહેર મંચો પર સત્તાધારી પક્ષ દ્વારા ચલાવવામાં આવતા એકતરફી નેરેટિવનો મજબૂત, તથ્યાધારિત અને અસરકારક રીતે સામનો કરવા માટે કોંગ્રેસ પક્ષના પ્રવક્તાઓની એક ઓજસ્વી, પ્રશિક્ષિત અને વિશ્વસનીય ટીમ તૈયાર કરવાનો છે. આ કાર્યક્રમ એઆઈસીસી મીડિયા વિભાગના ચેરમેન ડૉ. જયરામ રમેશ, સંયોજક શ્રી પવન ખેરા તથા સોશિયલ મીડિયા ચેરપર્સન શ્રીમતી સુપ્રિયા શ્રીનેતના સંયુક્ત માર્ગદર્શન હેઠળ સંચાલિત કરવામાં આવી રહ્યો છે. ગુજરાત રાજ્યમાં આ કાર્યક્રમની જવાબદારી પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શ્રી અમિત ચાવડાના નેતૃત્વ હેઠળ તથા મીડીયા કન્વીનર ડૉ. મનીષ દોશી દ્વારા નિભાવવામાં આવી રહી છે. કાર્યક્રમની

પસંદગી પ્રક્રિયા અંતર્ગત ઈચ્છુક ઉમેદવારો પોસ્ટરમાં દર્શાવાયેલા QR કોડ દ્વારા ઓનલાઈન નોંધણી કરી શકશે, જેની અંતિમ તારીખ ૨૦ ફેબ્રુઆરી નિર્ધારિત કરવામાં આવી છે. ત્યારબાદ ૨૦ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન ગુજરાતના ચાર વિવિધ ઝોનમાં ફિઝિકલ ઈન્ટરવ્યુ યોજાશે. પ્રાદેશિક સ્તરે પસંદ થયેલા ઉમેદવારોના અંતિમ ઈન્ટરવ્યુ ૫ માર્ચ પહેલાં પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન ખાતે લેવામાં આવશે, જ્યાં વિશેષ નિષ્ણાત પેનલ દ્વારા ઉમેદવારોની વાદવિવાદ ક્ષમતા, વૈચારિક સ્પષ્ટતા તથા અભિવ્યક્તિ કૌશલ્યનું મૂલ્યાંકન કરવામાં આવશે. લાયકાત અને પ્રદર્શનના આધારે પસંદ થયેલા પ્રતિભાગીઓને રાષ્ટ્રીય, પ્રદેશ, જિલ્લા તથા વિધાનસભા સ્તરે કોંગ્રેસ પક્ષના અધિકૃત પ્રવક્તા તરીકે જવાબદારી સોંપવામાં આવશે. કોંગ્રેસ પક્ષ ગુજરાતના તમામ યુવાનો અને કાર્યકર્તાઓને આહ્વાન કરે છે કે જે દેશ, લોકશાહી અને સંવિધાનની રક્ષા માટે પોતાની વાત નિર્ભયતા અને પ્રખરતાથી રજૂ કરવા ઈચ્છે છે, તેઓ આ સુવર્ણ અવસરનો લાભ લઈને પક્ષની સશક્ત અને વિશ્વસનીય અવાજ બનવા માટે આગળ આવે.

'ટેલેન્ટ હન્ટ' કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી વિજય દવે, કે.કે. શાસ્ત્રી, મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, મીડીયા કોકન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલ, સોશીયલ મીડીયા ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી ભુમન ભટ્ટ, ગુજરાત પ્રદેશ એસ.સી. સેલના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા સર્વશ્રી ડૉ. નિદત બારોટ, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. હિરેન બેંકર, શ્રી પ્રગતિબેન આહિર, ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા, ડૉ. અમિત નાયક, શ્રી નિશાંત રાવલ, શ્રી કૃતાર્થ દવે, નાગજી દેસાઈ, રત્નાબેન વોરા, મીડીયા પેનાલીસ્ટશ્રી મુકેશ પંચાલ ઉપસ્થિત રહ્યાં હતાં.



(ડૉ. હિરેન બેંકર)
પ્રવક્તા

- ટેલેન્ટ હન્ટની લોન્ચીંગ પોસ્ટર આપને ઈ-મેઈલ કરેલ છે.